# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તાઃ ૪/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા 'ઓવરકમીંગ ધ કોરોના ઈફેક્ટ્સ ઓન નેશનલ એક્ષપોર્ટ્સ' વિશે વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગઇકાલે સવારે ૧૧:૦૦ કલાકે 'ઓવરકમીગ ધ કોરોના ઇફેક્ટ્સ ઓન નેશનલ એક્ષપોર્ટ્સ' વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે સુરતના એડીશનલ ડાયરેકટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ તેમજ સેઝ સુરતના ડેવલપમેન્ટ કમિશનર શ્રી વિરેન્દ્ર સિંઘ (આઇટીએસ) અને સુરતના જોઇન્ટ ડાયરેકટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ શ્રી સુવિધ શાહ (આઇટીએસ) દ્વારા કોરોનાની વિકટ સ્થિતિમાંથી બહાર નીકળ્યા બાદ એક્ષપોર્ટ ઉપર તેની શું અસર વર્તાશે તે અંગે ખૂબ જ મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી હેતલ મહેતાએ જણાવ્યુ હતુ કે, કોરોનાની પરિસ્થિતિમાંથી બહાર નીકળ્યા બાદ વેપાર – ઉદ્યોગની પ્રગતિ માટે એક્ષપોર્ટ કઈ રીતે ફરીથી વધારી શકાશે તેના માર્ગદર્શન માટે ડીજીએફટીના અધિકારીઓ સાથે આજના વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ છે.

શ્રી વિરેન્દ્ર સિંઘે જણાવ્યુ હતુ કે, નિકાસકારોને વેપાર વધારવાની દિશામાં વિદેશ વ્યાપાર નીતિમાં સમસ્યા નહી ઉભી થાય તે માટે સરકાર દ્વારા ફોરેન ટ્રેડ પોલિસી કે જે ૨૦૧૫થી ૨૦૨૦ સુધી વેલીડ હતી તેની મુદત ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી લંબાવવામાં આવી છે. એસ.ઇ.આઇ.એસ.માં ઇન્સેન્ટીવ સ્કીમ સિવાયની અન્ય ફોરેન ટ્રેડ પોલિસીની સ્કીમોની પણ મુદત વધારી છે. આનામાં એમ.ઇ.આઇ.એસ.નો પણ સમાવેશ થાય છે. ટ્રાન્સપોર્ટ માર્કેટીગ અસિસ્ટન્ટ સ્કીમને પણ લંબાવવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, આયાત માટેની સ્કીમ ડી.એફ.આઇ.એ. – ઇ.પી.સી.જી.ની વેલીડીટી કે જે ૧લી ફેબ્રુઆરી ૨૦૨૦થી ૩૧ જુલાઇ ૨૦૨૦ દરમિયાન પૂરી થતી હતી તેને છ મહિનાનું એક્ષટેન્શન આપી દેવાયું છે. એના માટે ડીજીએફટીથી એન્ડોર્સમેન્ટ કરવાની જરૂર નથી. જેથી કરીને નિકાસકારોને એક્ષપોર્ટ માટે મુશ્કેલી નહી થાય. નિકાસકારોને કમ્પોઝીશન ફી પણ નહી લાગશે. લેટ કટ લાગે છે તો તેમાં પણ રિલેકસેશન આપી દીધું છે. ટીએમએ રીફંડ, ડયુટી ડ્રો બેક અને ડ્રો બેકની મુદત પણ લંબાવવામાં આવી છે.

શ્રી સિંઘે કહયુ કે, ૨૦ માર્ચથી ૨૯ જૂન સુધીમાં સરકારી કામકાજમાં રિટર્ન ન ભરી શકાય તો એવા કેસમાં વિભાગ તરફથી કોઇપણ પેનલ એકશન નહી લેવાય. ઇપીસીજી અને ઇઓયુની વેલીડીટીને પણ જૂન ૨૦૨૦ સુધીની માનવામાં આવશે. એટીજીની મુદત ૩૦ જૂન સુધી વધારવામાં આવી છે. એમાં જે યુનિટોએ ૩૧ માર્ચ પહેલા એપ્રુવલ મેળવી લીધુ છે અને તેઓ ૩૦ જૂન ૨૦૨૦ સુધી પ્રોડકશન કરીને એકસપોર્ટ કરશે તો તેઓને પણ ઇન્કમ ટેકસ માટે એકઝમ્પ્શન આપવામાં આવશે.

'વિવાદ સે વિશ્વાસ' સ્કીમની મુદત ૩૦ જૂન ૨૦૨૦ સુધી લંબાવવામાં આવી છે. જીએસટી રિટર્ન ભરવાની મુદત જૂન સુધી વધારી છે. આરસીએમસીની મુદત પણ લંબાવી છે. એમાં ઓનલાઇન પેમેન્ટ કરીને એક્ષ્ટેન્શન લઇ શકાય છે, તેમાં ઓટોમેટીક એક્ષટેન્શન પણ મળી જાય છે. એક્ષપોર્ટ પ્રોસિજરના રિલાયઝેશન માટે જે નવ મહિનાનો પિરિયડ હતો તેને આરબીઆઇએ લંબાવીને પંદર મહિના સુધીનો કરી દીધો છે. ગુડ્ઝ પાર્સલોને પહોંચાડવા માટે રેલવેએ હંગામી ધોરણે ૩૦ જેટલી સ્પેશિયલ ટ્રેનની સુવિધા આપી છે.

શ્રી સુવિધ શાહે જણાવ્યુ હતુ કે, સુરત શહેરમાં ૭૦ હજાર જેટલા આઇ.ઇ.સી. ધારક છે કે જે ઇમ્પોર્ટ – એક્ષપોર્ટ બિઝનેસ સાથે સંકળાયેલા છે. આ વર્ષે લગભગ (વર્ષ ૨૦૧૯–૨૦)માં ૭૦૦ જેટલા લોકોએ નવા ઇપીસીજી લીધા છે. જયારે ૩ હજાર જેટલા જૂના ઇપીસીજી રીડમ્પ્શન કરેલ છે કે જે એક રેકોર્ડ છે. પાંચ હજારથી વધુ નોટીસ નીકળેલ છે. ટેક્ષટાઇલ માટે આર.ઓ.એસ.સી.ટી.એલ. સ્કીમ ચાલુ થયેલ છે તેને ૩૦ જૂન ૨૦૨૦ સુધીમાં ઓનલાઇન એપ્લીકેશન નાંખી દેવા તેમણે સૂચન કર્યુ હતુ. વધુમાં તેમણે કહયુ કે વર્ષ ૨૦૧૯–૨૦માં ૪૬૭.૨૦ બિલીયન યુએસ ડોલરનું ઇમ્પોર્ટ થયુ હતુ, જે વર્ષ ૨૦૧૮–૧૯ની તુલનામાં ૯.૧૨ ટકા ઘટી ગયુ હતુ. જયારે એક્ષપોર્ટ ૩૧૪.૨૩ બિલીયન યુએસ ડોલર રહયુ હતુ, જે ગત વર્ષની તુલનામાં ૪.૮ ટકા ઘટી ગયુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે, સર્ટિફિકેટ ઓફ ઓરિજીન માટે ફિઝીકલી સર્ટિફિકેટ લેવાની જરૂર નથી. ચેમ્બર ઓફ કોમર્સ અથવા ડીજીએફટીમાંથી જે લોકો સર્ટિફિકેટ લેતા હશે તેઓએ સ્કેન કોપી સંબંધિત વિભાગ કે ઓફિસને ઇમેઇલ કરવાની રહેશે અને ઇમેઇલ થકી જ સર્ટિફિકેટ પણ મેળવવાનું રહેશે. લોકડાઉનની સ્થિતિમાં ઓફિસ સુધી ફિઝીકલી જવાની જરૂર નથી. તેમણે કહયુ કે, ટેકનીકલ ટેક્ષટાઇલમાં માસ્ક અને મેડીકલ સુટ વિપુલ પ્રમાણમાં બનાવી શકાય છે. આ સમય વધારે એકસપોર્ટ કરવાનો સમય છે. આથી આ દિશામાં સુરતના ઉદ્યોગ સાહસિકોએ વિચારવાની જરૂર છે.

શ્રી શાહે કહયું કે, નિકાસકારોને કોઇપણ સમસ્યા હશે તો તેઓ ઇમેઇલ કરીને વિભાગનું ધ્યાન દોરી શકે છે. જેથી કરીને વિભાગ સરકારશ્રી સાથે મળીને સમસ્યાના નિરાકરણ માટે પ્રયાસ કરી શકે. તેમણે ફાયનાન્સીગ એન્ડ એકસપોર્ટ ક્રેડીટ અંગેના સૂચનો વિભાગને ઇમેઇલ દ્વારા મોકલવા સૂચન કર્યુ હતુ.

આજના વેબીનારમાં દેશના વિવિધ શહેરોમાંથી આયતકારો અને નિકાસકારો જોડાયા હતા. તેઓના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ અધિકારીઓએ આપ્યા હતા. આયાતકારોએ મેડીકલ પ્રોડકટ્સને આયાત કરવા માટે સર્ટિફિકેટને વેઓફ કરવાનો અનુરોધ અધિકારીઓને કર્યો હતો. આ અંગે ચર્ચા વિચારણા કરીને નજીકના દિવસોમાં જ નિર્ણય લેવાની ખાતરી અધિકારીઓએ આપી હતી.

ચેમ્બરના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી રોહિત મહેતાએ કુશળતાપૂર્વક વેબીનારનું સંચાલન કર્યુ હતુ. ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.